Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**<u>સિન્ડિકેટની સામાન્ય સભા</u>** **<u>સમય : ૧૨:૩૦ કલાકે</u>**
**<u>તા.૧૦–૧૨–૨૦૨૧</u>**

# : કાર્યસૂચિ : ૫

**૧૪૬.** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે સિન્ડિકેટની તા.૨૪/૬/૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૫ થી Idea & Innovation Cell ની રચના/સ્થાપના કરવામાં આવી છે. સદર સેલ દ્વારા થતાં વિવિધ આયોજનોના થનાર ખર્ચ બાબતે બજેટમાં સુવિધા કરવા તેમજ રૂા.૩૪,૯૫,૦૦૦/- (અંકે ચોત્રીસ લાખ પંચાણુ હજાર પૂરા)ની મર્યાદામાં થનાર અંદાજીત ખર્ચની આગામી બજેટમાં જોગવાઇ કરવા સિન્ડિકેટની તા.૨૯/૯/૨૦૨૧ની બાબત ક્રમાંકઃ૬થી ઠરાવેલ હોય, આગામી ૨૦૨૧-૨૦૨૨ના સુધારેલ અંદાજપત્રમાં રૂા.૩૪,૯૫,૦૦૦/- (અંકે ચોત્રીસ લાખ પંચાણુ હજાર પૂરા)ની જોગવાઇ કરવા વિચારણા કરવા બાબત...

(આઈડીયા એન્ડ ઈનોવેશન સેલ)

**૧૪૭.** યુનિવર્સિટીના આઈડીયા એન્ડ ઈનોવેશન સેલ દ્વારા વિદ્યાર્થીઓને ઈન્ટર્નશીપની તકો મળી રહે તે માટે તેમજ રીસર્ચ અને ડેવલોપમેન્ટ પ્રવૃત્તિને પ્રોત્સાહન મળે તે માટે વિવિધ સંસ્થા/કંપની સાથે આ સાથે સામેલ પત્રક મુજબ કરવામાં આવેલ એમ. ઓ. યુ. ની નોંધ લેવા બાબત.

(બિડાણ : ૧૨૪)
( આઈડીયા એન્ડ ઈનોવેશન સેલ)

**૧૪૮.** B.Arch અભ્યાસક્રમની વાર્ષિક ફી રૂા.૫૬,૦૦૦ છે જે શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧માં નિર્ધારિત કરવામાં આવેલ ત્યારબાદ અનુસ્નાતક કક્ષાનાં ૦૨–અભ્યાસક્રમો શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦માં શરૂ કરેલ જેની વાર્ષિક ફી રૂા.૭૦,૦૦૦/– નિયત કરવામાં આવેલ.

હવે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨માં Ph.D અભ્યાસક્રમ શરૂ કરવાનો હોઈ તે માટેની વાર્ષિક ફી રૂા.૧,૨૦,૦૦૦/– રાખવાની મંજૂરી આપવા તથા તે અંગે ઘટતું કરવા અંગે મંજૂરી આપવા વિનંતી.

અત્રે ઉલ્લેખનીય છે કે આર્કિટેકચર અને ડીઝાઈન વિદ્યાશાખા,પ્રોફેશનલ કોર્સીસ માટે હોઈ વિભાગમાં સંશોધન કાર્યરત અર્થે વિભાગને પડતા નાણાંકીય બોજને ધ્યાનમાં રાખીને ઉપરોકત પ્રસ્તાવ રજૂ કરેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આર્કિટેકચર અને ડીઝાઈન વિદ્યાશાખામાં સમાવિષ્ટ વિષયો પ્રોફેશનલ કોર્સ હોઈ, તેને લઈ સંશોધન અર્થે વિભાગને પડતા નાણાંકીય બોજને ધ્યાનમાં રાખીને આ પ્રસ્તાવ રજૂ કરેલ છે. અંગે બાબતને યોગ્ય અને સર્વગ્રાહી નિર્ણય અંગે વિચારણા કરવા બાબત.

(આર્કિટેકચર )

૧૪૯. **એમ. કે. ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ, ભરૂચમાં** ચાલતા **M.Sc. Computer Application** સ્વનિર્ભર અભ્યાસક્રમ અંગે કોલેજના આચાર્યશ્રીએ તા.૨૫–૦૯–૨૦૨૦ના પત્ર ક્રમાંક : **MKICS/M.Sc.CA/47/2020-21**થી M.Sc. Computer Application સ્વનિર્ભર અભ્યાસક્રમને શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ થી બંધ કરવા કરેલ દરખાસ્ત સંદર્ભમાં ઓર્ડિનન્સ –૬૬ (૩) ની જોગવાઈ મુજબ રૂા.૧,૦૦,૦૦૦/–(એક લાખ પુરા) નોન રીફંડેબલ કલોઝર ફી યુનિવર્સિટી કાર્યાલયમાં રસીદ નંબર : ૮૮૨૮ તા.૦૩–૦૭–૨૦૨૧ના રોજ જમા કરાવતા, માન.કુલપતિશ્રીએ કલોઝર સમિતિની નિમણૂંક કરેલ હતી. પરંતુ કોલોઝર સમિતિ દ્વારા કોલેજની મુલાકાત લેવામાં આવેલ ન હોય, સદર કોલેજ ટ્રસ્ટના પ્રમુખશ્રીએ એમ. કે. ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ, ભરૂચમાં ચાલતા M.Sc. Computer Application સ્વનિર્ભર અભ્યાસક્રમ બંધ કરવા કરેલ અરજીને રદબાતલ કરી, ભરૂચ જિલ્લામાં સ્નાતક કક્ષાએ કોમ્પ્યુટર સાયન્સનો કોર્ષ પાંચ કોલેજોમાં ચાલતો હોય, અને અનુસ્નાતક કક્ષાએ કોમ્પ્યુટર સાયન્સને લગતો કોર્ષ ભરૂચ જિલ્લામાં ચાલતો ન હોય, જેથી ભરૂચ જિલ્લાના વિદ્યાર્થીઓની માંગળી અને હિતને ધ્યાનમાં રાખીને મેનેજમેન્ટ અને **સંસ્થા દ્વારા એમ.કે.ઈન્સિટીટયુટ ઓફ કોમ્પ્યૂટર સ્ટડીઝ, ભરૂચમાં ચાલતા M.Sc. Computer Application સ્વનિર્ભર અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ થી ફરીથી ચાલુ કરવા કરેલ વિનંતી અંગે નીચેના મુદ્દાઓને ધ્યાનમાં લઈ વિચારણા કરવા બાબત...**

(૧) સદર કોલેજ દ્વારા M.Sc. Computer Application સ્વનિર્ભર અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ થી પ્રવેશ ન આપવા અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ થી બંધ કરવા કરેલ દરખાસ્ત ધ્યાને લઈ યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ થી સદર અભ્યાસક્રમમાં પ્રવેશ ફાળવેલ નથી. પરંતુ **ભાગ–૨માં વિદ્યાર્થીઓ ચાલુ હોય, શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧નું ચાલુ જોડાણ મંજુર કરેલ છે.**

(૨) સદર કોલેજ દ્વારા M.Sc. Computer Application સ્વનિર્ભર **અભ્યાસક્રમ બંધ કરવાની દરખાસ્ત કરેલ હોય, શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન ચાલુ જોડાણની અરજી કરેલ ન હતી.**

**(૩) સદર કોલેજ દ્વારા M.Sc. Computer Application સ્વનિર્ભર અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ થી ચાલુ કરવા કરેલ વિનંતી ધ્યાને લેતા સદર કોલેજને શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ થી ચાલુ જોડાણ તરીકે અરજી કરવા જણાવીએ અથવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ થી નવા જોડાણની અરજી તરીકે કાર્યવાહી કરીએ તે અંગે વિચારણા કરવાની થાય છે.**

**(૪) યુનિવર્સિટી કાર્યાલયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ માટે ચાલુ / નવા જોડાણની અરજી કરવાની તારીખ ૩૦–૧૨–૨૦૨૧ નિયક કરેલ છે.**

**(જોડાણ / માન્યતા વિભાગ)**

૧૫૦. **અધ્યક્ષશ્રીની સંમતિથી અન્ય જે કોઈ બાબત રજૂ થાય તે.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
ક્રમાંક : એસ/મીટીગ/ ૧૯૨૦૭/૨૦૨૧ **ઈ.ચા.કુલસચિવ**
તા. ૧૦–૧૨–૨૦૨૧

પ્રતિ,
**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ........**